**શહેરમાં સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો ચલાવતા સરકારી કર્મચારીઓનો રાફડો**

# ટોલટેક્ષના નામે થતી ઉઘાડી લૂંટ સામે 'આમ આદમી'નું આંદોલન

**આજથી આમ આદમી પાર્ટીના રાજ્યવ્યાપી આંદોલનનો પ્રારંભ : ટોલબુથો પર કાર્યકરો લૂંટ વિશે અવગત કરશે અને જાહેર જનતાનો મત લઈ ટોલટેક્ષની લૂંટ બંધ કરવા આવેદનપત્રો પાઠવશે**

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતભરમાં ટોલટેક્ષના નામે થતી ઉઘાડી લૂંટ સામે 'આપ' ગુજરાત ધ્વારા શાંતિપૂર્ણ રીતે આંદોલન કરવામાં આવશે. સરકાર દ્વારા વાહનની ખરીદી પર આજીવન રોડટેક્ષ તથા જે તે મ્યુનિસીપાલીટી દ્વારા અલગથી રોડટેક્ષ લેવાય છે. જુદા જુદા ટેક્ષના બહાને સરકાર ઘણી આવક કરતી હોવા છતાં ટોલટેક્ષના બહાને સામાન્ય જનતા પાસેથી મોટી રકમ ઉઘરાવી, રીતસરની લૂંટ ચલાવે છે. ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી 'ટોલરાજ' પ્રવર્ત્યુ હોય એમ લાગે છે. આખા રાજ્યમાં ઠેકઠેકાણે ટોલબુથ મુકી ખંડણીની જેમ ઉંચી રકમ વસુલવામાં આવી રહી છે. રાજ્યને ટોલના આતંકથી મુક્ત કરવા 'આપ' ગુજરાતના વિવિધ એકમો રાજ્યભરમાં આજથી શાંતિપૂર્ણ રીતે વિવિધ કાર્યક્રમો કરશે.

રાજકોટથી અમદાવાદ વાહન લઈને જતા ૩૦૦ રૂપિયા ચુકવવા પડે છે. બેટી અને બામણ વચ્ચે માત્ર ૬ કિલોમીટરનું જ અંતર છે જે કાયદા વિરૂદ્ધ છે. નેશનલ હાઈવે ઓથોરીટી ધ્વારા રૂપિયા ૭૦ કરોડની રાજ્ય સરકારને ચુકવણીની શરતે જ રાજ્ય સરકાર દ્વારા આ ટોલનાકુ રાજ્ય સરકારને સોંપવામાં આવ્યું હતું જે રકમ આજ સુધી મળી નથી જે આજે વ્યાજ સાથે ૧૯૬ કરોડ જેટલી થઈ ગઈ છે. બીજી બાજુએ નેશનલ હાઈવે ઓથોરિટીએ શરતોનું ઉલ્લંઘન કરી બેટી ખાતે પ્રજાના ઉગ્ર વિરોધ વચ્ચે ટોલ ચાલુ કરી પ્રજાના ખિસ્સા હળવા કરવાનું શરૂ કરી દીધું છે.

સુરત સચિન પલસાણા ખાતેના ટોલબુથ ઉપર સ્થાનિક લોકો પાસે પણ ૧૦ રૂપિયા જેટલો ટેક્સ ઉઘરાવવામાં આવી રહ્યો છે. જેનાથી સ્થાનિક રહીશોમાં ભારે રોષનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

વડોદરા-અમદાવાદ વચ્ચેના જુના નેશનલ હાઈવે ઉપર તૈયાર થયેલા સુપર એક્સપ્રેસ વે પર લેવાતા ટોલ ટેક્સનો ચારે તરફ વિરોધ થઈ રહ્યો છે. અમદાવાદથી વડોદરા જવાનો એક પણ રસ્તો હવે ટોલ વગરનો રહ્યો નથી. આ રસ્તે અમદાવાદથી વડોદરા જતા હવે ૧૭૦ રૂપિયા જેટલો ટેક્સ ચુકવવો પડે છે જ્યારે આ રસ્તાનો ઉપયોગ કરી સુરત જવામાં આવે તો જુદા જુદા ટોલનાકે કુલ ૩૨૦ રૂપિયા ચુકવવા પડે છે.

મહેસાણા-અમદાવાદ ટોલબુથ દ્વારા રસ્તાના ખર્ચા ઉપરાંત કરોડો રૂપિયા કમાઈ લીધા હોવા છતાં ટોલ ટેક્સ ઉઘરાવવામાં આવી રહ્યો છે. જેના સવાલો જનતા દ્વારા અનેક વખત સરકારને પુછવામાં આવ્યા છે છતાં સ્થિતિ તેમજ જોવા મળે છે.

આમ આદમી પાર્ટી ગુજરાતના તમામ કાર્યકરો ૧૪ ડિસેમ્બરના રોજ રાજકોટ, સુરત, અમદાવાદ, જુનાગઢ, વડોદરા, મહેસાણા અને બનાસકાંઠા ટોલબુથો ઉપર શાંતિપૂર્ણ રીતે ટોલટેક્સ અને અન્ય સમસ્યાઓનો વિરોધ કરશે. ટોલબુથો ઉપર પાર્ટીના કાર્યકર્તાઓ પુરતી શિસ્તતા સાથે પ્રજાજનને થઈ રહેલી ટોલટેક્સની લૂંટ વીશે અવગત કરશે. જાહેર જનતાનો અભિપ્રાય મેળવશે તથા પ્રજાની સમસ્યાને વાચા અપાવવા તથા ટોલટેક્સની લૂંટ બંધ કરવા આવેદનપત્ર આપશે અને સરકારને વિનંતી કરશે કે ટુંક સમયમાં ટોલટેક્સના નામે થઈ રહેલી લૂંટ બંધ થાય અને પ્રજાને રાહત મળે તેવી કોઈ નીતિ બનાવે આ સાથે ટોલમુક્તિ માટે લડત લડી રહેલા તમામ ટ્રાન્સપોર્ટ એસોસિએશનો, પ્રજાજનો એક્ટીવિસ્ટોને આમ આદમી પાર્ટી સમર્થન જાહેર કરે છે તથા જો ટુંક સમયમાં સરકાર ગંભીર પગલા નહિ લેતો આ તમામ લોકોની સાથે મળી આમ આદમી પાર્ટી આંદોલન આગળ વધારશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



હલ્લો.. હલ્લો રેડિયો સ્ટેશન... તમે કહો છો... અમે હોન કરીએ તો આખુ શહેર સાંભળે... તો... મારી વાઈફને કહો... પાણીની મોટર ચાલુ કરે...!!

## સાબરમતી રિવરફ્રન્ટમાં દ કલર રનનું આયોજન

સાબરમતી રિવરફ્રન્ટ વલ્લભ સદનથી આજે દ કલર રનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં યુવક યુવતીઓએ ભાગ લીધો હતો. મોટી વયના આમા ઉત્સાહ પૂર્વક જોડાયા હતા. વિકલાંગોએ પણ ભાગ લીધો હતો. દ કલર રનને લઈને ભારે ઉત્સાહ એક દિવસ પહેલાથી જ જોવા મળ્યો હતો અને આની નોંધણી પહેલાથી જ કરવામાં આવી હતી. ઠંડીનો ચમકારો સવારે હોવા છતાં રિવરફ્રન્ટ પર દ કલર રનમાં ભાગ લેવા સ્પર્ધકો પહોંચી ગયા હતા.

## લાભાર્થીઓને સીધો લાભ મળે તેવી યોજનાઓને બજેટમાં પ્રાધાન્ય અપાશે

ગાંધીનગર, તા. ૧૩

લાભાર્થીઓને કેન્દ્રમાં રાખીને તેઓને સીધો લાભ મળી શકે તેવી યોજનાઓને આગામી અંદાજપત્રમાં પ્રાધાન્ય આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી વર્ષ ૨૦૧૬-૧૭ માટેના અંદાજપત્ર તૈયાર કરવાની કામગીરી નાણા વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત તાજેતરમાં મળેલી એક ઉચ્ચસ્તરીય બેઠકમાં વિભાગો દ્વારા આયોજન અને આયોજન બહારની યોજનાઓ પાછળ કરવામાં આવેલ ખર્ચ અંગેની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ સમીક્ષા દરમ્યાન એવું ધ્યાન પર આવ્યું હતું કે ચાલુ વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન કેટલાક વિભાગોનો યોજનાકીય ખર્ચ પ્રમાણમાં ઓછો નોંધાયો હતો. વિભાગને યોજના માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ સમયસર ખર્ચ થવી જોઈએ. પરંતુ કેટલાક વિભાગોમાં યોજનાકીય ખર્ચ ઓછો નોંધાતો હોવાનું માલુમ પડ્યું છે.

આ બાબત અંગે ગંભીર નોંધ લઈ સરકારે લાભાર્થીઓને કેન્દ્રમાં રાખી તેઓને સીધો લાભ મળી શકે તેવી યોજનાઓને પ્રાધાન્ય આપવા માટે વિભાગોને સૂચન કર્યું છે. એટલું જ નહી જે કામો પણ આગામી ૧૮ માસમાં જ પૂર્ણ થઈ શકે તેમ હોય તે કામોને જ અગ્રતા આપવા પણ સૂચન આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જે વિભાગોનો યોજનાકીય ખર્ચ ઓછો નોંધાયો છે તેવા વિભાગોને આગામી વર્ષ તેઓને કઈ યોજનાકીય બાબતો માટે ફંડની જરૂરીયાત રહેશે અને કઈ યોજનાઓ પાછળ તેઓ ખર્ચ કરી શકશે તે અંગે વિભાગોએ વિગતો રજુ કરવાની રહેશે.

## સેક્ટર-૭-બીમાં રસ-પુરીનો આનંદનો ગરબો યોજાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં આજે સેક્ટર-૭-બીમાં અંબાજી મંદિરના ચોકમાં 'રસપુરીના આનંદનો ગરબા'નું આયોજન કરાયું હતું. આ આનંદના ગરબાની સમાપ્તિ બાદ આદ્યશક્તિ બહુચર માતાજીને રસપુરીનો પ્રસાદ ધરાવાયો હતો.



સે. ૭-બીમાં પ્લોટ નં. ૬૨૦/૧ ખાતે અંબાજી મંદિરના ચોકમાં શ્રદ્ધાળુ વસાહત નલીનીબેન નાગર દ્વારા માગશર સુદ-૨ નિમિત્તે રસપુરીના આનંદના ગરબાનું આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં સે. ૨૧ના વૈજનાથ મહિલા મંડળના ગીતાબેન મોદી તથા સભ્યો દ્વારા સંગીતમય આનંદનો ગરબો પ્રસ્તુત કરાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે માગશર સુદ-૨નો દિવસ બહુચર માતાજીની ભક્તિ માટે અનોખો મહત્વનો દિવસ ગણાય છે. આ તિથી શિયાળામાં આવતી હોવા છતાં માતાજીને આ દિવસે કેરીનો રસ અને પુરીના જમણનો ભોગ ધરાવાય છે. આ દિવસે શ્રદ્ધાળુ ભાવિકો દ્વારા આનંદના ગરબાનું વિશેષ આયોજન હાથ ધરવામાં આવે છે. આજે ગાંધીનગર શહેરમાં અનેક ઠેકાણે 'રસપુરીના આનંદના ગરબાનું'નું આયોજન કરાયું હતું. સે. ૭-બી ખાતે નલીનીબેન નાગર દ્વારા યોજાયેલા આનંદના ગરબામાં અગાઉ પોતાના ઘરે આનંદનો ગરબો યોજી ચુકેલ તમામ મહિલાઓને આમંત્રણ આપી સન્માન અપાયું હતું. આ કાર્યક્રમમાં બહેનોએ બપોરે ૧ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી આનંદનો ગરબો ગાઈ હર્ષોલ્લાસ સાથે બહુચર માની ભક્તિ કરી હતી. અંતમાં, માતાજીને રસ-પુરીનો ભોગ ધરાવી સર્વે ભાવિકોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરના પ્રસિદ્ધ અક્ષરધામ મંદિર ખાતે નીલકંઠવર્ણી અભિષેક મંડપમ્ મૂર્તિનો પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ સ્વામિનારાયણ ભગવાનના જીવનદર્શનના સ્થાયી પ્રદર્શનની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે.

● ગાંધીનગરમાં ઠંડીને કારણે રજાના બે દિવસોમાં લોકોએ મોટાભાગનો સમય ઘરમાં જ વિતાવ્યો હતો.

● સેંટ ઝેવિયર્સ એન્ડ માઉન્ટ કાર્મેલની ૧૯૭૫ની બેંચના વિદ્યાર્થીઓનું આજે સ્નેહમિલન એસ.જી. હાઈવેની એક ખાનગી હોટલ ખાતે યોજાયું હતું. મુંબઈ, વડોદરા, ગાંધીનગર અને અમદાવાદમાં રહેતા વિદ્યાર્થીઓ તેમાં જોડાયા હતા.

● ગાંધીનગર જિલ્લામાં સતત મતદારયાદી સુધારણાની સઘન ઝુંબેશના બીજા તબક્કામાં ૮૫૦૦ જેટલી અરજીઓ નવા નામ દાખલ કરવા અંગેની તંત્રને મળી છે. જ્યારે ૨૫૦૦ જેટલી અરજીઓ સુધારણા માટેની મળી છે.

● ગાંધીનગર શહેરમાં હવે મોર્નિંગવોકની સાથે યોગા કરનારાઓની સંખ્યામાં વધારો થયો છે.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ગતિશીલ ગુજરાત
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
स्वच्छ भारत मिशन



# આભાર માનીએ આપશ્રીનો,
# અમો ગૌરવવંતા ગુજરાતીઓ.

શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન, ભારત

## એર ઈન્ડિયા દ્વારા શુભારંભ...

અમદાવાદથી લંડન અને લંડનથી અમદાવાદ વાયા મુંબઈ સીધી વિમાની સેવાથી ગુજરાત - લંડન આવાગમન કરતા લાખો લોકોને મળશે લાભ અને થશે સમયની બચત.

"આપણા દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો આભાર...
હવે, અમદાવાદ લંડન સાથે સીધી હવાઈ સેવા દ્વારા તા.૧૫ ડિસેમ્બર, ૨૦૧૫ થી સંકળાશે.
આ ગુજરાત અને અન્ય રાજ્યના ભારતીયો, જેઓ બ્રિટનમાં વસે છે તેમનું સપનું સાકાર થશે.
સાથેસાથે આપણી વ્યાપાર-કડી તેમજ સાંસ્કૃતિક આદાન-પ્રદાન માટે ખરેખર પ્રોત્સાહક બની રહેશે."

શ્રીમતી આનંદીબેન પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત



ફ્લાઈટનું સમયપત્રક

| રૂટ | ફ્લાઈટ | પ્રસ્થાન | આગમન | રૂટ | ફ્લાઈટ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ - મુંબઈ | AI 131 | 04:30 | 05:45 | લંડન - મુંબઈ | AI 130 | 13:30 | 04:00 +1 |
| મુંબઈ - લંડન | AI 131 | 07:05 | 11:30 | મુંબઈ - અમદાવાદ | AI 130 | 05:30 | 06:45 |

* સ્થાનિક સમય મુજબ